


તાર ફેન્સીંગ : શહેરમાં દબાણ હટાવવા માટે તંત્ર પ્રતિબંધ બન્યું છે. દબાણ હટાવ્યા બાદ પુનઃ યથાવત દબાણ ગોઠવાય નહીં તે માટે ઘ-૫ થી ગ-૫ના માર્ગ પર તાર ફેન્સીંગ કરાઈ રહ્યું છે.

# વયનિવૃત્ત કર્મચારીઓની કરાર આધારિત નિમણૂંકનો સરકારી પરિપત્ર ગુજરાતના યુવાધન વિરોધી

## ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળનો સખત વિરોધ

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકાર દ્વારા વયનિવૃત્ત કર્મચારીઓની કરાર આધારિત નિમણુંકો માટે કરવામાં આવેલ સરકારી પરીપત્ર ગુજરાતના યુવાધન વિરોધી છે. જેનો ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ સખત વિરોધ કરે છે તેમ મહામંડળના ના. મહામંત્રી આર.એચ. પટેલે જણાવ્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં વયનિવૃત્ત ટેકનીકલ/નોનટેકનીકલ કર્મચારીઓ માટે કરાર આધારીત નિમણુંક આપવાનો તા. ૭-૭-૨૦૧૬ના ઠરાવથી સામાન્ય વહીવટ વિભાગે પરીપત્ર કર્યો છે. સરકારના વિવિધ વિભાગોમાં હાલમાં ખુબ મોટા પ્રમાણમાં કર્મચારી/અધિકારીઓ વયનિવૃત્ત થઈ રહ્યા છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા આ અગાઉ સરકાર સાથેની ચર્ચા-પરામર્શ દરમ્યાન જણાવેલ કે આવનાર સમયમાં ખુબ મોટા પ્રમાણમાં કર્મચારી/અધિકારીઓ વયનિવૃત્ત થઈ રહ્યા છે. ત્યારે વયનિવૃત્તિ ૫૮ વર્ષથી વધારી કેન્દ્ર સરકારના કર્મચારીઓની જેમ ૬૦ વર્ષ કરવી અથવા બધા વિભાગોમાં નવીન ભરતી કરવી જેથી શિક્ષિત યુવાધનને નોકરીનીતક મળી શકે. આમ વારંવારની રજુઆત છતાં તે ના કરતા આ કરાર આધારિત નિમણૂંકોના પરિપત્ર કરતા લાખો યુવાનોએ ખુબ મોટો અન્યાય થઈ રહ્યો છે. તેમજ કર્મચારીઓને ખુબ મોટો અન્યાય કર્યો છે. આ પરિપત્ર થવાથી હયાત કર્મચારીઓને બઢતી મળવાની ખુબ થોડીક તકો હતી તે પણ છીનવાઈ જશે. આમ હયાત કર્મચારીઓ હાલના જે તે હોદ્દા પર જ વયનિવૃત્ત થશે. કરાર આધારીત કર્મચારી કરતાં હયાત ફુલ પગારધારી કર્મચારી પાસે જવાબદારીપૂર્વકનું કામ લઈ શકાય. તેમ છતાં હાલમાં જે પરીપત્ર કર્યો છે તે મુજબ જો ગણતરી કરીએ તો વયનિવૃત્ત કર્મચારીને વયનિવૃત્ત બાદની મળતી રકમનું વ્યાજની આવક, પેન્શન તથા ૬૦ ટકા મુજબ કરાર આધારીત પગાર એમ આ બધુ મળી સરવાળો કરો તો હાલના હયાત કર્મચારીના પગાર કરતાં ઘણુ વધારે થાય છે. વયનિવૃત્ત કર્મચારી/અધિકારીને તેની મૂળ જગ્યા પર કરાર આધારીત નિમણુંક આપવાથી ભ્રષ્ટાચારને વેગ મળવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. આથી સરકારમાં ફરજ બજાવતા મોટા અધિકારીઓ દ્વારા સરકારને ખોટી ગણતરી કરાવી સરકારને ગેરમાર્ગે દોરી આ પરીપત્ર કરાવ્યો હોય તેવું જણાય છે. આમ ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ આ પરીપત્રનો સખત વિરોધ કરે છે.



## અમલાની મુવાડીમાં પંચાયત ઘરનું ખાતમુહૂર્ત કરાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડી ગામે પંચાયતનું નવું મકાનનું ખાત મુહૂર્ત પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે કરવામાં આવ્યું. પ્રાંતિજના અમલાની મુવાડીમાં મંગળવારના રોજ જિલ્લા પંચાયત બાંધકામ ડીપાર્ટમેન્ટની ગ્રાન્ટમાંથી ૧૨ લાખના ખર્ચે નવીન પંચાયતનું મકાન બની રહ્યું છે. જેનું ખાત મુહૂર્ત પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ તાલુકા પ્રમુખ દક્ષાબેન રાઠોડ, તાલુકા અધ્યક્ષ બહેચરસિંહ તાલુકા ઉપપ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, સરપંચ ઝાલા બળદેવસિંહ વગેરે ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદારની ભરતી માટે પાંચ લાખથી વધુ ફોર્મ ભરાયા

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સરકારી વિભાગોમાં ખાલી પડેલી નાયબ સેકસન અધિકારી અને નાયબ મામલતદારની સીધી ભરતી માટેની જાહેરાત ચાલુ માસ દરમિયાન પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેમાં ઓનલાઈન ઉમેદવારી ભરવાની તારીખ પૂર્ણ થતા અંદાજીત ૫ લાખ જેટલા ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

રાજય સરકારના વિવિધ વિભાગોમાં ખાલી પડેલી ૬૮૫ જેટલી નાયબ સેકસન અધિકારી અને નાયબ મામલતદારની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે સરકારની વેબસાઈટ પર જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી હતી. રાજય સરકાર દ્વારા અધિકારી વર્ગની જગ્યાઓની સીધી સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તમામ જવાબદારી ગુજરાત જાહેર સેવા આયોગને આપી છે.

રાજય સરકાર દ્વારા ઓજસની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરવાની ગત ૭ જુલાઈએ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જેમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે રાજયભરમાં અંદાજે ૫ લાખ જેટલા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જેની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અંદાજીત નવેમ્બર માસમાં લેવાશે તેવું સુત્રોએ જણાવ્યું હતું.

# રણાસણ સર્કલ પાસે નવીન ટ્રાફીક પોલીસ ચોકીનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા - નરોડા નેશનલ હાઈ-વે નં-૮ ઉપર રીંગરોડ પર આવેલા રણાસણ સર્કલ પાસે અસંખ્ય વાહનોની લાંબી કતારોને પગલે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાય છે. આ ટ્રાફીકજામના કારણે અન્ય વાહનચાલકો અને નાગરીકોને ભારે હાલાકી વેઠવી પડે છે. રણાસણ સર્કલ પાસે સમસ્યાના નિવારણ માટે નવીન ટ્રાફીક પોલીસ ચોકીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. પોલીસ ચોકીમાં હાજર પોલીસકર્મીઓ તાત્કાલીક ટ્રાફીક ખુલ્લો કરાવવા તેમજ અકસ્માત સમયે મદદરુપ બની રહે તેવા ઉદેશથી ચોકીનું નિર્માણ કરાયું છે.આ ઉદ્ઘાટન પ્રસંગે દહેગામ પીઆઈ ભરત પટેલ, અડાલજ પીઆઈ કે.કે. પંડયા, નરોડા પીઆઈ રાજપાલ રાણા, મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ મીનાક્ષીબેન પટેલ, ડભોડા પીએસઆઈ એન.એમ.ચૌધરી, અગ્રણી આગેવાનો તેમજ પોલીસકર્મી મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. રણાસણ સર્કલ વિસ્તારમાં નવીન



પોલીસ ચોકી બનતા આસપાસમાં આવેલ દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ તેમજ ઢાબા પર સહિતના બજારમાં ગુનાહીત પ્રવૃતિઓ અટકાવવામાં ખુબજ ઉપયોગી નીવડશે. જયારે આ માર્ગ પરની ગંભીર સમસ્યા ટ્રાફીક નિવારણ માટે તાત્કાલીક પગલા ભરી શકાશે જેથી વાહનચાલકોને કલાકો સુધી ઉભુ રહેવું ના પડે તેમજ સરળતાથી વાહનવ્યવ્હાર રાબેતા મુજબ કાર્યરત થઈ શકશે.

# આજે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાનો જન્મ દિવસ

## વાસણ-રાંધેજા-વિસનગરમાં શિક્ષણ લીધુ : બુલેટ બાઈક રાઈડનો શોખ છે તો વૉલીબોલના પણ અચ્છા ખેલાડી : બાપુ ચાર દાકયકાથી પણ વધુ સમયથી રાજકારણમાં સક્રિય છે : જનસંઘ-ભાજપ-કોંગ્રેસમાં અનેક મહત્વના હોદ્દાઓ સંભાળી ચુક્યા છે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના વાસણ ગામના વતની અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી તથા વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ લક્ષ્મણસિંહ વાઘેલાનો આજે જન્મ દિવસ છે.

૭૫ વર્ષ પૂર્ણ કરી તેઓ આજે ૭૬માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. રાંધેજા અને વાસણમાં પ્રાથમિક માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરી એમ.એ. (અર્થશાસ્ત્ર) સુધીનો અભ્યાસ તેમણે કર્યો છે.



બાપુના હુલામણા નામથી રાજ્યના જાહેરજીવનમાં તેઓ પ્રોફેસરની નોકરી ૧૯૬૨માં છોડી પ્રવેશ્યા હતા. સ્વ. વસંત ગજેન્દ્ર ગડકર અને સ્વ. નાથાલાલ ઝઘડાના માર્ગદર્શન નીચે જનસંઘમાં તેમણે સંગઠ્ઠનની મહત્વની જવાબદારીઓ સંભાળી હતી.

લોકસભા, રાજ્યસભામાં પણ તેઓ ચૂંટાયા હતા અને કેન્દ્રીય મંત્રીમંડળમાં પણ ટેક્ષટાઈલ વિભાગના મંત્રી તરીકેની સેવાઓ આપી હતી. તેમણે રાજપા નામના પ્રાદેશિક પક્ષની સ્થાપના કરી હતી અને પાછળથી તેનું કોંગ્રેસમાં વિલીનીકરણ થયુ હતુ.

અચ્છા સંગઠ્ઠક હોવા ઉપરાંત શિસ્તના ખુબજ આગ્રહી એવા બાપુને આમ તો બાઈક ચલાવવાનો ખુબ શોખ ધરાવે છે. તેઓ વૉલીબોલના પણ અચ્છા ખેલાડી તરીકે વિદ્યાર્થીકાળમાં જોરદાર નામના મેળવી હતી. શિક્ષણ પ્રત્યે તેમનો ખુબજ લગાવ જાણીતો છે. હાલ તેઓ ગાંધીનગર જિલ્લાના તેમના વતન ખાતે આખુ શૈક્ષણિક સંકુલ વિકસાવી અને શિક્ષણ ક્ષેત્રે સક્રિય બન્યા છે.

ભાજપમાં અચ્છા સંગઠ્ઠન તરીકે તેમની આગવી ભૂમિકા તેમણે ભજવી હતી. વર્તમાન પ્રધાનમંત્રી મોદી અને રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ પણ તેમના માર્ગદર્શન નીચે તૈયાર થયેલા છે તે ઉલ્લેખનીય છે.

તેઓએ રાજપાના વિલીનીકરણ પછી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ તરીકેનું પણ સ્થાન શોભાવ્યુ હતુ. તેઓ એક સારા અર્થશાસ્ત્રી હોવા ઉપરાંત અનેક વિધ સામાજિક સંસ્થાઓમાં આજે પણ સક્રિય છે.

# દલિતો પર અત્યાચારના વિરોધમાં આપ દ્વારા વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૦

ઉનામાં દલિતો પર થયેલા અત્યાચાર અને રાજ્યભરમાં ભાજપના રાજમાં દલિતો પર વધી રહેલા અત્યાચારની સામે આમ આદમી પાટીના કાર્યકર્તાઓ દ્વારા સમગ્ર રાજ્યમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા અને આવેદનપત્રો આપવામાં આવ્યા હતા. આજે અમદાવાદમાં સારંગપુર દરવાજા ખાતે કાર્યકર્તાઓ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન શરૂ કરે તે પહેલા જ પોલીસ દ્વારા હંમેશાની જેમ કલમ ૧૮૮ની અંદર કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી અને તેમને સરખેજ પોલીસ સ્ટેશન લઈ જવામાં હતા.

છોટા ઉદેપુરના સંખેડા તાલુકામાં સંખેડા ચોકડી પરથી




રેલી કાઢી મામલજદારને આ અંગે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું આજ પ્રકારે પંચમહાલના ગોધરામાં કાર્યકર્તાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જ્યારે આજે રાજકોટમાં હોસ્પિટલ ચોક ખાતે કાર્યકર્તાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા, કચ્છ ગાંધીધામ ખાતે આમ આદમી પાટીના કાર્યકર્તાઓ દ્વારા ઓસ્લો ડો. બાબા સાહેબ આંબેડકર સર્કલથી મૌન રેલી કાઢી મામજદારને ઉનાની ઘટના સંદર્ભે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જયારે ભાવનગરમાં ટાઉનહોલ ખાતેથી રેલી કાઢી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આજ રીતે માંગરોળ ખાતે કાર્યકર્તાઓ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જ્યારે સાબરકાંઠામાં હિંમતનગર ખાતે આંબેડકર સ્ટેચ્યુ પર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બનાસકાંઠાના ડીસા ખાતે કાર્યકર્તાઓ દ્વારા મામલજદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## એપીઆઈએચએમનું સો ટકા પરિણામ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી, સંલગ્ન એશીયા પેસેફીક ઈન્સ્ટટયુટ ઓફ હોટલ મેનેજમેન્ટ ના વર્ષ ૨૦૧૫-૧૬નું પરિણામ આજે જીટીયું દ્વારા ઘોષિત કરવામાં આવ્યું હતું. જેમાં એપીઆઈએચએમના તમામ વિદ્યાર્થીઓ ૬૫ ટકાથી વધારે ગુણ સાથે ઉતીર્ણ થયા હતા. આ સંસ્થાના બે વિદ્યાર્થીઓનું સરેરાશ સીપીઆઈ ૯.૨૫ નોંધાયું છે. આ તમામ ઉતીર્ણ વિદ્યાર્થીઓને એપીઆઈએચએમ દ્વારા આંતર રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષા પર પ્લેસમેન્ટ આપવામાં આવશે. આ સંસ્થાનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ રોશન કરનાર તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જળ ભવિષ્ય માટે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડો.પરેશ ગજજર દ્વારા શુભેચ્છા સહ અભનંદન પાઠવ્યા હતા.

## ભિલોડા-વાંકાનેર જી.આઈ.ડી.સી.એસોશીએશન ઓફ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના અને હોદેદારોની નિમણુંક

ભિલોડા,તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા-વાંકાનેર જી.આઈ.ડી.સી. એસોશીએશન ઓફ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના અને હોદેદારોની બેઠકનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા-વાંકાનેર જી.આઈ.ડી.સી. અસોશીએશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ વસાહતના ઉદ્યોગકારોની બેઠકમાં સર્વાનુમતે પ્રમુખ સંજયભાઈ મોડીયા, ઉપપ્રમુખ બી.એમ. ખાણમા, મંત્રી જયેન્દ્રભાઈ ખરાડી, સહમંત્રી દિપકભાઈ મકવાણા, ખજાનચી રમેશભાઈ શાહ, કારોબારી સભ્યો લાલભાઈ પુરશવાની, કબીરભાઈ થોરી, રાધેશ્યામભાઈ પુરોહિત, રમેશભાઈ પટેલ, ભીમરાજભાઈ સોલંકી, સિકંદરભાઈ મનસુરી, દિનેશભાઈ, મહેશભાઈની નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા - વાંકાનેર જી. આઈ. ડી. સી.ના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા હોદેદારોની નિમણુંક કરાઈ છે.

## કાર્યયોજના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજની આ બેઠકમાં જે શાળાના પરિણામોમાં આવેલા બદલાવ માટે કરેલી કાર્યવાહીના અનુભવો પણ કેટલાક આચાર્યો દ્વારા અભિવ્યક્ત કરવામાં આવ્યા હતા. આજની આ બેઠકમાં ઉપચારાત્મક વર્ગોમાં પણ મૂલ્યાંકન કરી અને તેની સમીક્ષા કરવામાં આવે તેવું મહત્વનું સૂચન પણ કરાયુ હતુ. આ મૂલ્યાંકન જે તે શાળાકક્ષાએ જ જાતે જ કરવાનુ અને બાળકોમાં શુ ખૂટે છે તેનો સતત અભ્યાસ શિક્ષકો દ્વારા થતો રહે તે પણ જરૂરી હોવાનો મત વ્યક્ત થયો હતો.

જિલ્લામાં ગુણવત્તા સુધારણા અભિયાન માટે જિલ્લા કલેક્ટરે આ નબળા પરિણામવાળી શાળાઓ જિલ્લાકક્ષાના અધિકારીઓને દત્તક આપી છે અને તેમની પાસેથી પણ ફીડ બેક મેળવી કાર્યયોજનામાં સમાવાશે તેમ જાણવા મળેલ છે.

શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અધિકારીઓએ આ શાળાની મુલાકાત લઈ લીધી છે અને એક સપ્તાહમાં પુનઃ અધિકારીઓ અને આચાર્યોની સંયુક્ત બેઠક કાર્યયોજનાને આખરીરૂપ આપતાં પહેલાં મળશે તેમ મનાય છે.

## ફાઈનલમાં ઉત્તિર્ણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસ્થાના વિદ્યાર્થીઓએ સી એ ફાઈનલમાં તેજસ્વી પરિણામ મેળવ્યુ છે.

નગરમાં સી એ માં ટોપર્સનુ સ્થાન ધરાવતી નિર્હા દેસાઈ સહીતના વિદ્યાર્થનિઓના મતે આજના વિદ્યાર્થીઓએ સી એ નો હાઉ રાખવાની જરૂર નથી. સી એ કરવુ ખુબજ અઘરુ છે. તેવી માન્યતાના લીધે વિદ્યાર્થીઓ સી એ ની પરીક્ષાનુ નામ સાંભળી ને જ ગભરાઈ જાય છે. જયારે હવે સી એ ની તૈયારી કરવા અમદાવાદ સુધી લાંબા થવાની પણ જરૂર નથી. સ્પોર્ટસ મેન સ્પીરીટ અભ્યાસમાં દાખવવાની અનિવાર્યતા છે. હારી ગયા બાદ પણ કેમ જીતવુ તેનો આત્મવિશ્વાસ ફાઈટીંગ સ્પીરીટમાંથી કેળવાય છે. તેમના મતે નેકસ્ટ કોમર્સ એજયુકેશનના બ્રિજેશ ઠાકરની મહેનત અને ટીચિંગ પણ સફળતા માટે જવાબદાર છે. ગાંધીનગર કેન્દ્રમાંથી ૧૨૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. કેન્દ્રનુ પરિણામ ૫ ટકા આવ્યુ છે. જયારે અમદાવાદ કેન્દ્રનુ પરિણામ અંદાજિત ૧૫ ટકા જેટલુ આવ્યુ છે.

## કઠોર સજા કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીડિત પરિવારે કહ્યું હતું કે, અમને સહાયની જરૂર નથી અત્યાચાર કરનારને સજા આપવાની જરૂર છે. આનંદીબેને એમ પણ કહ્યું હતું કે, ૧૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચુકી છે. કલમ ૩૦૭ પણ લગાડવામાં આવી છે. ૩૦ દિવસમાં જ આ કેસની ચાર્જશીટ તૈયાર કરી લેવામાં આવશે. આ બનાવની તેઓ કઠોર શબ્દોમાં નિંદા કરે છે. આનંદીબેને આજે ફરી એકવાર શાંતિ જાળવી રાખવા તમામને અપીલ કરી હતી. આનંદીબેને કહ્યું હતું કે, પીડિતોની તકલીફને દૂર કરીને સુરક્ષા પુરી પાડવામાં આવશે. આ કેસ સીઆઈડી ક્રાઈમને સોંપી દેવામાં આવ્યો છે. આનંદીબેન આજે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પીડિતોને મળવા માટે પહોંચ્યા ત્યારે દલિતોના ટોળા ઉમટી પડ્યા હતા. ઉનાની સમઢીયાળ ગામના રમેશ સરવૈયા, વશરામ સરવૈયા, અશોક સરવૈયા અને બેચર સરવૈયાને ગૌરક્ષકોએ ઢોર માર માર્યા બાદ મામલો વણસ્યો હતો. તેમને ઉનાની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવ્યા બાદ વધુ સારવાર રાજકોટ સિવિલમાં આપવામાં આવી રહી છે.

## ભવ્ય સ્વાગત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લઈ રહેલા યુવા ખેલાડીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા ખેલાડીઓનું ડીજેના તાલે ફૂલહાર, કંકુતિલકથી સ્વાગત કરાયા બાદ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમગ્ર રેલવે સ્ટેશન પ્રાંગણ ભારતમાતા કી જયના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

વિજેતાઓને સન્માનતા ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલે તેમને અભિનંદન પાઠવવાની સાથે યુવાનોને જીવનમાં રમતનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે ગાંધીનગરના ખેલાડીઓની વિશ્વકક્ષાએ સફળતા એ શહેર માટે ધન્ય ઘડી ગણાવતા સાઈના અધિકારીઓને પણ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે કોર્પોરેટર નાઝાભાઈ ધાંધરે પણ ખેલાડીઓની સિદ્ધિને બિરદાવતા તમામ ખેલાડીઓને કોઈપણ મદદ માટે તેઓ હરહંમેશ તૈયાર રહેશે તેવું વચન આપ્યું હતું. તેમણે ત્રણેય વિજેતાઓને હનુમાનજીની મૂર્તિ તથા એક એક કિલો શુદ્ધ ઘીના ડબ્બાની ભેટ આપી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત યુવા ખેલાડીઓએ હર્ષોલ્લાસથી ચિચિયારીઓ તથા તાલીઓના ગડગડાટથી વિજેતાઓને વધાવી લીધા હતા. યુવાનોએ ડીજેના તાલે ડાન્સ કરી વિજય સરઘસ કાઢ્યું હતું. આ સરઘસ સાઈ સંકુલમાં પહોચતા ત્યાં પણ વિજેતાઓનું સાઈના અધિકારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## પગલા લેવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો અને અસંતોષ વ્યક્ત કર્યો હતો. ખડગેએ કહ્યું હતું કે, ગુજરાતની ઘટના માટે રાજનાથસિંહનો જવાબ યોગ્ય છે. આ મુદ્દે સંયુક્ત સંસદીય કમિટિ બનવી જોઈએ અને તેને તપાસ માટે ગુજરાત મોકલવી જોઈએ. કોણ સામેલ છે, કઈ પાર્ટીના લોકો છે તેમાં તપાસ થવી જોઈએ. બીજી બાજુ કોંગ્રેસના સભ્યો ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા. આ અગાઉ સવારે કોંગ્રેસ સંસદીય પાર્ટીની બેઠક મળી હતી. મિટિંગ પછી સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, મોદી સરકાર નિષ્ફળ રહી છે. કોંગ્રેસ બંને ગૃહના દલિતોને માર મારવાનો મુદ્દો જોરદારરીતે ઉઠાવ્યો હતો.

## મિશ્ર પ્રતિસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બંધને ધ્યાનમાં લઈને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં બસ સેવાને બંધ રાખવામાં આવી હતી.જુનાગઢમાં ખાનગી અને સરકારી સ્કુલોને આજે બંધ રાખવામાં આવી હતી. મંગળવારના દિવસે જુદા જુદા બનાવોમાં કુલ ૧૪ લોકોએ ઝેર પીને આત્મહત્યાના પ્રયાસો કર્યા હતા. પોલીસે હિંસાના સંબંધમાં વધુ સાત લોકોની ધરપકડ કરી છે. ઉનામાં દલિત ઉપર થયેલા અત્યાચારની માઠી અસર આજે સતત ત્રીજાઉ દિવસે પણ જોવા મળી હતી.

મંગળવારે પ્રચંડ વિરોધ પ્રદર્શન, તોડફોડ, પથ્થરમારાના બનાવો બન્યા હતા. સમગ્ર સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં આની અસર જોવા મળી હતી જેથી એસટી સેવાને પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં બંધ રાખવાની ફરજ પડી હતી. રાજકોટ સહિત સમગ્ર જિલ્લા અને જામનગરમાં દલિતોનો ગુસ્સો જોવા મળ્યો હતો. રાજકોટ અને ગોંડલમાં સીટી બસમાં તોડફોડ કરવામાં આવી હતી. અમરેલીમાં દલિત અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. પથ્થરમારામાં અમરેલીના પોલીસ જવાનને ઈજા થઈ હતી. તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત થયું હતુ. હજુ સુધી હિંસામાં બે લોકોના મોત થઈ ગયા છે. સોમનાથ-અમદાવાદ રુટની ટ્રેન ઉપર પણ પથ્થરમારો ગઈકાલે રાત્રે કરાયો હતો.